FGT -01

# Bachelor's Degree Programme
# (BDP)

## Foundation Course in Gujarati (FGT-01)

**Assignment**
(For July-2022 and January-2023 sessions)

**Last Date for Submission:**
For July-2022 session: 31st March, 2023
For January-2023 session: 30th September, 2023

**School of Humanities**
**Indira Gandhi National Open University**
**Maidan Garhi, New Delhi-110068**

# Foundation Course in Gujarati

Course Code: FGT-01
Max. Marks: 100

પ્રશ્ન ૧ –નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. 15

૧.છપ્પનિયા દુષ્કાળની હૃદયવિદારક સ્થિતિનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

૨. ‘વધુ હાડમારી’ પ્રકરણમાં ગાંધીજીને થયેલા રંગભેદના અનુભવ અને હાલાકીનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો.

૩. ગ્રામસંસ્કૃતિ અને ગ્રામઅભ્યુદયની વિભાવના ‘ચોરાનો પોકાર’ નિબંધમાં કઈ રીતે વ્યક્ત થઇ છે તેની ચર્ચા કરો.

૪.બંધારણમાં ઉલ્લેખિત નાગરિકોની ફરજો અને અધિકારોનું મહત્વ ‘નાગરિકના મૂળભૂત હક્કો’ પાઠના આધારે ચર્ચો.

૫.આપણા રોજબરોજના જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અને વિજ્ઞાનની અગત્યતા ચર્ચો

પ્રશ્ન ૨. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. 12

૧.મૈત્રીની આર્યભાવનાના લેખકે કરેલા વિશ્લેષણની ચર્ચા કરો.

૨. ‘કલ્યાણકામનો અતિથિ’માં નિહિત આતિથ્યધર્મના મહત્વ અંગે તમારા વિચાર પ્રસ્તુત કરો.

૩. નારીનું મહિમામંડન લેખકે ‘જક્ષણી’ વાર્તામાં ક્યા અભિગમથી કર્યું છે એની સદૃષ્ટાંત સમીક્ષા કરો.

૪. સ્વતંત્રતા પહેલાના ભારતીય ગ્રામજીવનની તકલીફો અને વિષમતા ‘કડલાં’ એકાંકીમાં કઈ રીતે આલેખાઈ છે તે જણાવો.

૫.અનુવાદકળાની ઉપયોગીતા અને સારા અનુવાદના લક્ષણો વિષે નોંધ કરો.

પ્રશ્ન ૩.પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. 12

૧. ‘હું તારી સાથે આવું એ ભલે,પણ હાથ તો નથી જ ધરવાનો’

૨. ‘હોટેલમાં તે વળી આપણને ઉતરવા દે કે?

૩. કંઈ કામકાજ હોય તો કહેજે, જા.

૪. ‘ત્યારે તમારું મોઢું આ પંદર દિવસ નહિ ગમે.

પ્રશ્ન ૪.ટૂંકમાં જવાબ આપો. 08

૧. સમાચારની રજૂઆતમાં ક્યા ગુણ લેખકે જરૂરી ગણાવ્યા છે તેની ચર્ચા 'લોકધર્મી પત્રકારત્વ' નિબંધના આધારે કરો.

૨. ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં સ્થાન પામેલા પરભાષીય શબ્દો વિષે નોંધ લખો.

૩. 'લેખનરીતિ' પાઠમાં લેખનકૌશલ્યની કેળવણીના જે ઉપાયો વર્ણવાયા છે તેની ઉપયોગીતા વિષે નોંધ કરો.

૪.કઈ નબળાઈઓ દૂર થવાથી રાષ્ટ્ર મજબૂત બનશે તે 'ગાંધીજીએ બતાવેલો રસ્તો ન ભૂલીએ'ના આધારે ચર્ચો.

પ્રશ્ન ૫. યોગ્ય વિકલ્પ દ્વારા નીચેના વિધાનોની પૂર્તિ કરો. 08

૧. દાંડીકૂચની પૂર્ણાહુતિ થઇ...

(અ)ભવ્ય આયોજન દ્વારા

(બ)છઠ્ઠી એપ્રિલ,૧૯૩૦ના રોજ

(ક)અંગ્રેજો હેબતાઈ ગયા.

૨.મૈત્રી પીગળી એટલે....

(અ) એણે કરુણાનું રૂપ ધારણ કર્યું.

(બ)બ્રહ્મવિહાર કર્યો.

(ક)દ્રોહનું રૂપ લીધું.

૩.આજે મનુષ્ય..

(અ)જાગૃત છે.

(બ)કુદરતનો લૂંટારો બન્યો છે.

(ક)કરુણાનો પાત્ર બન્યો છે.

૪.પ્રતિનિધિઓ ચૂંટવા એ ...

(અ) સૌની જવાબદારી છે.

(બ)જરૂરી પ્રક્રિયા છે.

(ક) લોકશાહીનો એક ભાગ છે.

૫.પહેલા જે ધર્મ હતો તે

(અ) હવે અધર્મ થઇ ગયો છે.

(બ) ધંધામાં ફેરવાઈ ગયો છે

(ક) હવે વ્યવસાય બન્યો છે.

પ્રશ્ન ૬.સૂચના મુજબ  જવાબ લખો. 14

(અ) યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો.

૧. ....લોકધર્મ પત્રકારત્વે યાદ રાખ્યો છે.

(સંસ્થાગત, કલ્યાણકારી,ઉત્તમ )

૨. ભારતીય સંસ્કાર પરંપરામાં ...નો ખૂબ મહિમા છે.

(ધર્મ,પૂજાપાઠ,શબ્દશક્તિ)

૩- આવી તકેદારી એ છે ..

(અહિંસાસાધના, યુગધર્મ,અનિવાર્ય)

૪.વ્યક્તિ અને સમાજના ...મોક્ષનો આ જ રસ્તો છે.

( નિર્વાણ,સામુદાયિક,કાયમી )

બ.નીચેના શબ્દોના અર્થ આપો

૧.પ્રારંભ

૨.શ્રમજીવી

૩.સેવક

૪. શ્રીમંત

ક.નીચેના સમાસો ઓળખાવો

૧. આશાજનક

૨. ચોમાસું

ડ.નીચેના વાક્યો સામે ખરા કે ખોટાની નિશાની કરો.

૧.  હવે કોઠીમાં સડતું હશે ત્યારે જોખી આપ્યું. ▭

૨. વિજ્ઞાન કેવળ વિનોદ માટે નથી. ▭

પ્રશ્ન ૭

(અ) અલંકારો ઓળખાવો. 07

૧.વૃક્ષ જીવતો જાગતો દેવ છે.

૨. ગાંધીજીનું હૃદય ફૂલ કરતાં કોમળ હતું.

૩.તડકાએ સીમમાં રાતવાસો કર્યો.

૪. ધાર ઉપર વરસાદની માફક ચાંદની વરસી રહી છે.

(બ)નીચેમાંનાથી સાચા વિકલ્પ પર ખરાની નિશાની કરો.

૧. લેવા આપવામાં તો સૌ શૂરાપૂરા છે.

શકરી □ સુખદેવ □ દલુચંદ □

૨.પણ તે કાયમ રહે એનો શો ભરોસો?

વંજુલ □ સાવિત્રી □ કલ્યાણકામ □

૩.શા વિચારમાં પડી ગયો છે ભાઈ?

સુંદરજી □ અબ્દુલ ગની શેઠ □ ઈસા શેઠ □

પ્રશ્ન ૮(અ)કહેવતો સમજાવો. 04

૧. અતિ લોભ તે પાપનું મૂળ

૨.કાંકરે કાંકરે પાળ બાંધવી

૩.દુકાળમાં અધિક માસ

(બ)રરૂઢિપ્રયોગો અર્થ સાથે સમજાવો.

૧.કોઠે પડી જવું

૨.ધડો લેવો

૩.બારમો ચંદ્રમા હોવો

પ્રશ્ન ૯ 10

(અ)કોરોનાની રસી લેવાના મહત્વ અને પ્રક્રિયા વિષે તમારા પિતાને પત્ર લખો.

(બ)મૈત્રીમાં મહત્વ અને ધર્મ વિષે નોંધ લખો.

પ્રશ્ન -૧૦.નીચેમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. 10

૧-અનુવાદનું મહત્વ,ઉપયોગીતા અને ભૂમિકા

૨- અભિવ્યક્તિ અને વિચારપ્રક્રિયામાં ભાષાકૌશલ્યનું સ્થાન

૩.પંચાયતી રાજની ગ્રામવિકાસમાં ભૂમિકા

૪.જનમાનસમાં ઘડતરમાં પત્રકારિતાની ભૂમિકા અને કર્તવ્ય